‘ઝાડનાં પારખાં ફળ પરથી’ શ્રેણી : ૯

– દુલેરાય માટલિયા


# બાલપરાણી વિદ્યાવાડી – ૨



લોકભારતી પ્રકાશન : સણોસરા

‘ઝાડનાં પારખાં ફળ પરથી’ શ્રેણી : ૯

# માલપરાની વિદ્યાવાડી - ૨



## લેખક : દુલેરાય માટલિયા

## લોકભારતી પ્રકાશન

સણોસરા – ૩૬૪ ૨૩૦ તા. શિહોર (જિ. ભાવનગર)

પ્રકાશક : નિયામકશ્રી, લોકભારતી, સણોસરા.

આવૃત્તિ પહેલી : માર્ચ ૧૯૮૩ /

ઇ–બુક આવૃત્તિ : ૨૦૧૬

સંકલન : જુગલકિશોર

૧૨, સત્યનારાયણ સોસાયટી – ૧, અમદાવાદ – ૫૧.

ફોન : ૯૪૨૮૮૦૨૪૮૨ / ઇ–મેઇલ : jjugalkishor@gmail.com

## Contents

### અનુક્રમ

ઉપહાર ..... 4

લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર ! ..... 5

પ્રભુભક્તિ અને દેશભક્તિના સંસ્કાર ..... 7

નાનાભાઈ અને સંતબાલજીનો પરિચય ..... 9


ખેત-ઉત્પાદનના વાજબી ભાવ માટે લડત ..... 13

કેટલીક અન્ય સામાજિક પ્રવૃત્તિઓ ..... 14

ખેડે તેની જમીનની માગણી અને… ..... 21

સમાપન ..... 27

## ઉપહાર



રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર-પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારાં-અજવાળાંમાં રસ્તો કાઢયો તે છે.

નાનાભાઈના સોમા જન્મદિવસના નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની પુનર્રચના સાથે સંકળાયેલાં કેટલાંક ભાઈઓ–બહેનોની આ અનુભવકથાઓ છે. આમાંનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત, શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલાં છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાંના ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં **सूत्रे मणिगणा इव** એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી; પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્ ગ્રંથોના માધ્યમથી સદગુણો ખીલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ અમીને શ્રી વિ.પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર.

– **મનુભાઈ પંચોળી** (લોકભારતી-સણોસરા તા.૧૬-૩-૮૩)

## લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !



લોકભારતી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. લોકભારતી તો એક વિચાર છે. આ સંસ્થા લોકાભિમુખ–ગ્રામાભિમુખ કેળવણી–જગતનું સત્ય છે. અને એટલે જ એના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ કહેતા કે, "લોકભારતીના વિચારો જે સમજે અને જીવનમાં આચરે તેની છે આ લોકભારતી." ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપર કરેલા પ્રયોગોમાંથી જે પ્રયોગો સફળ રહ્યા તેને સામાજિક સ્વરૂપ આપ્યું તેમ નાનાભાઈએ તેમની ત્રણે સંસ્થાઓમાં કરેલા શિક્ષણ–પ્રયોગોને પોતાના અભ્યાસ અને અનુભવથી ઘડીઘડીને જે પ્રયોગો સફળ થયા તેને સમાજ સમક્ષ તેના વ્યાપક અમલ માટે મૂક્યા. સ્વાભાવિક રીતે જ તેના વાહકો આ ત્રણે સંસ્થાના ઉત્સાહી અને સમર્પિત એવા વિદ્યાર્થીઓ રહ્યા છે.

નઈતાલીમનું, લોકભારતીત્વનું વિશ્વબજારમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને સાવ ખોખલી કરી મૂકે તે પહેલાં જાગી જવું બહુ જરૂરી છે. આના જ સંદર્ભે, લોકભારતીના કેટલાક વિશેષ સફળ થયેલા વિદ્યાર્થીઓનાં કાર્યો–અનુભવોની નોંધ "ઝાડનાં પારખાં ફળ પરથી" એ શીર્ષકથી લોકભારતીએ પ્રગટ કરેલી ૨૬ પુસ્તિકાઓમાં રજૂ થઈ છે, જેણે સમાજને જીવનલક્ષી શિક્ષણના ઉત્તમ દસ્તાવેજો પૂરા પાડ્યા છે. નઈતાલીમનો સંસ્કારાયેલો વિદ્યાર્થી શું શું કરી શકે છે તેની નક્કર વાતો તેમાં રજૂ થઈ છે. તેમાં બહુ સહજ રીતે લોકભારતીત્વ ઉજાગર થયું છે.

છપાઈને હજારો વાચકો સુધી પહોંચેલા આ બહુ મૂલ્યવાન અનુભવોને આધુનિક સમયમાં ઉપલબ્ધ એવી ઇન્ટરનેટ સુવિધાઓનો લાભ આપીને વિશ્વભરમાં પહોંચાડવાની વાત, લોકભારતી દ્વારા સન્માનિત અમારા પૂર્વ વિદ્યાર્થી અને 'કોડિયું'ના સહતંત્રી **શ્રી જુગલકિશોરભાઈ** દ્વારા રજૂ થઈ, એટલું જ નહીં પણ એ બધી જ પુસ્તિકાઓનું પ્રૂફરીડિંગકાર્ય સંભાળી લીધું સાથે સાથે ગ્રાફિકને લગતાં તથા પ્રકાશનનાં કાર્યોમાં મુંબઈના **શ્રી તુષાર મહેતા** ની કિંમતી મદદ

લઈને તેમણે આ કાર્ય પાર પાડવાની તૈયારી બતાવી, ત્યારે સહજ રીતે જ એ વિચારને ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો.

ઇન્ટરનેટ પર ઈ–બુકરૂપે હજારો પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે ત્યારે એ ટૅકનોલૉજીને આ સફળ થયેલાં કાર્યો માટે પણ પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું. આના માટેના જરૂરી ભંડોળ સારુ ઇન્ટરનેટ પર એક નાનકડી અપીલ કરી તો તરત જ જે પ્રોત્સાહક પ્રવાહ વહ્યો તેમાં જરૂરી બજેટ કરતાં પણ વધુ મદદ હતી ! સર્વશ્રી ગોપાલભાઈ પારેખ (નવસારી), ચિરાગ પટેલ (યુએસએ), અશોક મોઢવાડિયા (જૂનાગઢ) તથા રમેશ પટેલ (કેલિફોર્નિયા)ના તત્કાલીન પ્રતિભાવોએ અમને પ્રોત્સાહિત કર્યા.

આમાંના ***શ્રી રમેશભાઈ પટેલ –'આકાશદીપ'***ની મદદથી (કન્યા કેળવણીના આગ્રહી, તેમનાં સ્વ. માતુશ્રી **કાશીબહેન ઝ. પટેલ તથા સાહિત્યપ્રેમી પત્ની શ્રીમતી સવિતાબહેનના સૌજન્યે) તથા *શ્રી ચિરાગભાઈ પટેલ*ની મદદથી** આ બધી પુસ્તિકાઓનું પ્રકાશન થશે. આ સૌ સહયોગીઓના આપણે ખૂબ આભારી છીએ.

આવનારા સમયમાં શિક્ષણજગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ પ્રકાશનોને વૈશ્વિક ગુજરાતી વાચકો સુધી નઈતાલીમના આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવો પહોંચાડવાનું અમારું કાર્ય સાર્થક થશે તેવી આશા સાથે –

**– અરુણભાઈ દવે. (મૅનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા.)**

## પ્રભુભક્તિ અને દેશભક્તિના સંસ્કાર

મારા દાદા સરળ હૃદયના અને ઉદાર હતા. દાદી પણ એવાં જ સરળ , પ્રેમાળ અને ઉદાર. ઘરમાં સારાં પુસ્તકોનું વાંચન ચાલ્યા કરે. અમારો પાડોશ બ્રાહ્મણ પરિવારનો. આ બધા બ્રાહ્મણો ગરીબ પરંતુ મહેનતુ અને સંતોષી જીવનવાળા. આ પરિવારની બહેનો અને વિધવાઓ ભક્તિરસથી તરબોળ. એમની પાસેથી સંતચરિત્રો અને કથાકીર્તનો અમને સાંભળવા મળે. મારાં માશીબા પાસેથી જૈન તીર્થંકરો અને સંતોના જીવનચરિત્રોય સાંભળવા મળ્યાં. આવા ભક્તિમય વાતાવરણે મારા બાલજીવનમાં ભક્તિ ભરી.

વિનયકાંત કવિએ અમને રાષ્ટ્રીય અને યુગભક્તિનાં ગીતો ઝિલાવેલાં. સંતબાલજીની દીક્ષાના પ્રસંગે મને અસાધારણ રીતે આકર્ષેલો. મારા પિતાના મોસાળ મોરબીમાં મને સ્વદેશી અને સત્યાગ્રહનું વાતાવરણ મળ્યું. તે વખતે સાંભળેલાં રાષ્ટ્રગીતો મને એવાં તો મોઢે થઈ ગયેલાં કે બાલંભામાં હુતાસણીના ફાગને બદલે ઘેરૈયાઓને રાષ્ટ્રગીતો ઝિલાવ્યાં હતાં અને કાળી ટોપી હુતાસણીમાં ફેંકી દેવા એલાન કર્યું. પરિણામે પોલીસના દંડા , થપાટ અને કલાક માટે તો જેલકોટડીય મળી – તે પછી અમે વિદ્યાર્થીમંડળની રચના કરી. અમે સૌ અવારનવાર ધર્મશાળામાં મળીએ , રાષ્ટ્રધ્વજ ફરકાવીએ અને ધ્વજ સામે રાષ્ટ્રગીતો લલકારીએ અને ઝવેરચંદ મેઘાણીની સૌરાષ્ટ્રની રસધાર રસપૂર્વક વાંચ્યા કરીએ. આ ઉપરાંત – ગ્રામલક્ષ્મીના ચારે ચાર ભાગ મારા મિત્રો પાસેથી મેળવી લીધા. તેણે મને ખૂબ આકર્ષ્યો. સાદાઈવાળા જીવનનું આકર્ષણ એટલે પાણકોરાનો પહેરવેશ કરાવી લીધેલો.

એવામાં પરીક્ષા આવી. ક્લાઈવની કારકિર્દીનો પ્રશ્ન પૂછવામાં આવેલો એટલે જવાબમાં મેં એક રાષ્ટ્રગીતની કડી ટાંકીને લખેલ કે , "બંગાળનો જુલમી ગવર્નર ક્લાઈવ નામે હોતોજી. કંપનીનો રખડેલ કારકુન કાળાં કામાં કરતોજી." આ વાંચીને પરીક્ષકે મુખ્ય શિક્ષકને સૂચના આપી કે આ વિદ્યાર્થી જોખમી છે. એટલે તેના વાલીને સમજાવીને બીજે ભણવા મોકલી દેજો , નહીં તો જામબાપુના રાજ્યમાં ક્યાંક અંટાઈ જશે.

કવિ કાન્તના સુપુત્ર જે. એમ. ભટ્ટ પ્રિન્સિપાલ તરીકે આવ્યા તે પછી અમારી સાહિત્યપ્રવૃત્તિને તેમણે પ્રોત્સાહન આપેલું. અમારા મંડળના તેજસ્વી સભ્ય ગોકળભાઈએ વિદ્યાર્થીપ્રવૃત્તિ અને સાહિત્યપ્રવૃત્તિ દ્વારા પ્રજાજીવનમાં ચેતનાસિંચન કરવા માંડ્યું હતું. હું મૅટ્રિકમાં નાપાસ થયો તે પછી દાવર્સ કૉલેજ ઑફ કોમર્સમાં અભ્યાસ માટે મુંબઈ ગયો. પણ અભ્યાસની સાથેસાથે રાષ્ટ્રીય પ્રવાહમાં ભળ્યો. મહેરઅલીના પ્રમુખસ્થાને મળેલી ભૂલેશ્વરની સભામાં કૉંગ્રેસીઓના સંપર્કમાં આવ્યો. આ પછી વાચનભૂખ એટલી ઊઘડી કે મારી પાસેની વીંટી અને ઘડિયાળ વેચીને વાંચવા માટે પુસ્તકો ખરીદી લીધાં. રજામાં ઘેર આવ્યો ત્યારે પુસ્તકો અને દેશનેતાઓના ફોટા જોઈને ઘરનાં સૌ ચમક્યાં અને કેટલાંકે

કહ્યું કે ભાઈસાહેબ તો મહાસભાની ચળવળમાં ભળ્યા લાગે છે. હવે એને ઘેર રાખીને ધંધે વળગાડી દો. મુંબઈ જવાનું બંધ રહ્યું અને ઓગણીશ વર્ષની વયે લગ્ન પણ કરી નાખ્યાં. મોરબીમાં કાપડની દુકાને મને વેપારધંધે લગાડી દીધો. પણ વેપાર કરતાં કરતાંય મૅટ્રિકની પરીક્ષા આપી દીધી. વેપારમાં મન ન ખૂંચ્યું એટલે ઘરનાંની પરાણે રજા લઈ શામળદાસ કૉલેજમાં બી.એનો અભ્યાસ શરૂ કર્યો.

મુંબઈના વાતાવરણે મને રાષ્ટ્રીયતા અને સમાજવાદનું ઘેલું લગાડેલું. એટલે કાઠિયાવાડ રાજકીય પરિષદમાં ભાગ લીધો અને ભાવનગર આવીને પ્રજા પરિષદ અને વજુભાઈ શાહના વિશાળ વર્તુળ સાથે ઓતપ્રોત બન્યો. ત્યાંથી શનિ-રવિમાં કાનજી સ્વામીનાં વ્યાખ્યાનો સાંભળવા સોનગઢ આવતો. એક વાર આંબલા ગ્રામદક્ષિણામૂર્તિ જોવા આવ્યો. સંસ્થાના કામની મારા પર સુંદર છાપ પડી. એ વખતે નાનાભાઈને પણ ભાવપૂર્વક મળ્યો હતો અને મનુભાઈના વક્તવ્યે મને આકર્ષેલો. રાજકીય પરિષદમાં એમની સાથેના પરિચયે મને આંબલા નિમંત્રણ મળ્યું અને હું આંબલા આવી ગયો.

## નાનાભાઈ અને સંતબાલજીનો પરિચય

આંબલામાં નાનાભાઈના વ્યક્તિત્વનાં અનેકવિધ પાસાંના એક પારિવારિક જન તરીકે મને પરિચય થયો. તેમના આ વ્યક્તિત્વનાં અનેકવિધ પાસાંઓમાં કોઈ એકધારાપણું જોવામાં આવ્યું હોય તો તે એમની શ્રેય:સંપન્ન શીલનિષ્ઠા : શીલ અને સદાચાર સદેહે જોવાં હોય તો નાનાભાઈની સાથે રહેવું. એમના શીલ-સદાચારની એક ખૂબી એ હતી કે તે એકાંગી ન હતા. કેવળ પરંપરાના અંધ અનુકરણવાળા ન હતા. માની લીધેલ માન્યતાના કોચલામાં પુરાયેલા સંકુચિત વ્રતનિયમની વાડોવાળાય ન હતા. પરંતુ એમાં શ્રેયની ખુમારી સાથે પ્રેમની માધુરી ભળેલી હતી. એમાં આત્મવિદ્યા સાથે જીવનને સંપન્ન બનાવનારા વિજ્ઞાનનો સુંદર સુમેળ હતો. એમાં ઉચ્ચ જીવનના આદર્શ સાથે સર્વના હિત સાથે સંવાદ સાધતી સાદાઈ અને ઉદ્યમનું મિલન હતું. એને જ એ વિદ્યા એટલે બ્રહ્મવિદ્યા કહેતા અને અવિદ્યા એટલે ભૌતિક વિદ્યા. એ બે વિદ્યાનો સમન્વય એ એમનું જીવનલક્ષ્ય હતું. આ સમન્વયની કળા એમને સહજ રીતે વરી હતી. તેમની પ્રત્યેક પ્રવૃત્તિમાં એની ઝલક મળતી અને એને જ એ શ્રેયસાધના કહેતા.

### *ન્યાયી જીવિકાની શોધમાં :*

આંબલા ગ્રામસેવક વર્ગમાં પ્રવેશ મેળવવાની ઇચ્છા વ્યક્ત કરી ત્યારે તેમણે મને ચકાસ્યો. પૂછ્યું કે “ગ્રામસેવાનું શીખીને શું કરશો ?” મેં કહ્યું : “નાનાભાઈ , મેં દુકાન છોડી સાંગોપાંગ ન્યાયનીતિપૂર્ણ આજીવિકાની શોધ માટે.” એટલે એમણે ફરી પૂછ્યું , “તમે ન્યાયનીતિપૂર્વકની આજીવિકા શાને કહો છો ?” એટલે મેં જવાબ આપ્યો કે “શિક્ષક ધારે તો ન્યાયનીતિપૂર્વક જીવી શકે અને સદ્ વિદ્યા આપી અન્યને ઉપયોગી બની શકે.” એટલે વળી પાછું મને પૂછ્યું કે “એ વાત સાચી પણ અન્યને શું શીખવવું ? અને જેને કાંઈક શીખવો તેનેય ન્યાયનીતિપૂર્વક જીવિકાનું શીખવવું પડે ને ! બધા તો શિક્ષક નહીં થઈ શકે – અને બધાની એ યોગ્યતા પણ ન હોય. તેને શું શીખવશો ? હું મૂંઝાયો. તેમણે ઉમેર્યું કે ખેતી, ગાય અને રેંટિયા દ્વારા ગામડામાં ભણાવો એટલે કે કૃષિવિદ્યા દ્વારા ગામડાનાં ખેડૂતબાળકોને ભણાવવામાં આવે તો નીતિથી , મહેનતથી અન્ન, દૂધ અને વસ્ત્ર પેદા કરી શકે. તે દ્વારા પોષણ મળે એટલે ન્યાયનીતિપૂર્વકની જીવિકા થઈ. અને ઘણો મોટો વર્ગ આ દૃષ્ટિએ જીવતો હોય છે. તેને વધારામાં વિજ્ઞાન, વ્યવસ્થા અને બીજા માટે ઘસાવાની દૃષ્ટિ શીખવી દો એટલે ન્યાયનીતિના વ્યવસાયની તમે પાઠશાળા – લોકશાળા કાઢી ગણાય. તમે ન્યાયનીતિથી જીવો અને બીજાનેય તે શીખવો.” મને એ વાતની ઘડ બેસી ગઈ !

નાનાભાઈએ વિશેષમાં ઉમેર્યું કે “બીજી પણ આજીવિકા એવી છે , જેમાં આપણે વૈદક શીખીને ગામડાને સ્વચ્છ અને સ્વસ્થ જીવન જીવવાના સંસ્કાર આપી શકીએ. ખાનપાન અને પાદરની વનસ્પતિથી સામાન્ય રોગ મટાડવાના ઇલાજો શીખવીએ અને ખાસ સંજોગોમાં યોગ્ય સારવાર આપીએ

કે યોગ્ય સારવારની જગાએ મોકલીએ. આ રીતે આરોગ્ય સાચવવામાં લોકોને સહાયભૂત થઈએ તો તે પણ ન્યાયયુક્ત જીવિકા ગણાય." મેં કહ્યું કે "નાનાભાઈ, મેં તો અખિલ ભારત આયુર્વેદ વિદ્યાપીઠની "ભિષક"ની પરીક્ષા આપી છે. સૌરાષ્ટ્ર કેન્દ્રમાં બીજા નંબરે આવ્યો છું." નાનાભાઈ કહે, "તે કામ લાગશે." મારા મનને ખૂબ સમાધાન થયું. આમ નાનાભાઈ પાસે મારું વૈચારિક ઘડતર થયું. તે પછી હિન્દ છોડોનો નાદ ગાજ્યો અને મને જેલવાસ મળ્યો. તે દરમિયાન મનુભાઈ વગેરેનો મને સત્સંગ સાંપડ્યો. એટલે જેલવાસમાં પણ મારું વૈચારિક ઘડતર થયું.

### *સંતબાલજીની જીવંત પ્રેરણા :*

સંતબાલજી સાથે બાલંભામાં એક માસ રહેવા મળ્યું. તેમની અમી નીતરતી આંખ અને તેમના તેજસ્વી વ્યક્તિત્વે મને પોતાનો બનાવી લીધો. હરિજનો સાથે પણ પારિવારિક વ્યવહાર, ખાદી પરિધાન અને બહેનોમાં લાજના કુરિવાજ દૂર કરવા અંગેની તેમની આગવી વિચારસરણી મને તો સહજ રીતે આકર્ષી ગઈ. પરંતુ મારા વડીલો સમાજની ટીકાથી ડરતા હતા. એટલે તે પ્રશ્ન મેં સંતબાલજીને સોંપ્યો. તેમણે આ ત્રણે બાબતમાં મારા વડીલોને સહમત કરી મારો માર્ગ સરળ કરી દીધો. મારા ભાવિ કામ વિશે, ન્યાયપૂર્ણ જીવિકા વિશે, ગાંધીજીના જીવન સાથે અધ્યાત્મના સુમેળ વગેરે વિશે તેમની સાથે છૂટથી વાતો થતી. બાલંભામાં રમાતા જુગાર સામે પ્રાર્થના , એકટાણાં, ઉપવાસ ને વ્રતમય સામૂહિક તપ-પ્રયોગ દ્વારા તેમની પ્રેરણાથી સત્યાગ્રહ પણ કર્યો. અને જુગારીને સન્માર્ગે લાવવામાં મુનિશ્રીનો અમૂલ્ય પ્રભાવ કામ લાગ્યો. બન્ને હૃદયથી નજીક આવ્યા. ત્યારે તેમણે ધ્યેયલક્ષી એક શ્લોક આપ્યો :

પ્રારંભમાં પ્રભુપદે નમીને તમે અમે.

ને તે પછી કૃષકને સ્મરીને તમે અમે.

આ અન્ન નીતિમય મહેનતનું બનેલ જે

તે સત્વ પોષક બનો ચહી એ જ આપણે.

થયેલા અન્નનું ભર્ગ , વહો વાત્સલ્ય માર્ગમાં

આત્મને વિશ્વનું શ્રેય સંધે સધાય જે થકી.

પ્રભુપદને નમસ્કાર કરી કૃષકનું સ્મરણ કરવાનું કારણ છે કે ખેડૂત જગતાત છે. જગતનો ટ્રસ્ટી એટલે પાલક છે. ખેડૂત ખરા અર્થમાં સમગ્ર જનપરિવાર, પશુપક્ષી અને જીવસૃષ્ટિનો પાલક બને; એ જ એનું ગૌરવ છે. એની મહેનત દ્વારા બનેલ અનાજ સાત્વિક અને પવિત્ર ભાવનાને પોષનારું બને છે. એવા અન્નનું તેજ સમગ્ર ગ્રામસમાજને પ્રેમ અને વાત્સલ્યવ્યવહારથી ભરી દે છે. એટલું જ નહીં પણ પોતાનું

અને વિશ્વનું શ્રેય  કરનારી સામુદાયિક શ્રેયસાધનાનો માર્ગ પણ ખેડૂતની શ્રેયસાધનામાં ર હેલો છે. અને એથી જ ગ્રામદક્ષિણામૂર્તિમાં ગ્રામસેવાની તાલીમ એ જ નક્કર અને વાસ્તવિક સાધના છે , એમાં જ આત્માર્થ અને પરમાર્થનો પુરુષાર્થ છે તે વાતની પ્રતીતિ થઈ હતી.

### *ખેડૂત શ્રેયઃસાધક મંડળ દ્વારા સેવા :*

મારા જીવનનાં સ્વપ્નાંઓ સાકાર કરવા હું દક્ષિણામૂર્તિના શિક્ષણકાર્યમાં ખૂંચી ગયો. ખેડૂતોની શિબિર ચલાવી, યુવા ખેડૂતોના વર્ગો ચલાવ્યા, અભિમુખ બનેલા ખેડૂતોનું અમે મંડળ રચ્યું. નામ રાખ્યું “ખેડૂત શ્રેયઃસાધક મંડળ.” ખેડૂત ગ્રામટ્રસ્ટી બનીને આત્મ અને વિશ્વનું શ્રેય કરવાના લક્ષ્ય સાથે સૌ સાથે કુટુંબવત્ પ્રેમનો વ્યવહાર કરે. એ વ્યવહારના આચરણ માટે બળ મેળવી શકાય તેવા કેટલાક નિયમોના પાલન દ્વારા ખેડૂતોની સામુદાયિક શ્રેયઃસાધનાના આ મંડળે શ્રીગણેશ માંડ્યા. આ કામ માટે સંતબાલજી મહારાજના મને આશીર્વાદ અને અનુમોદન પ્રાપ્ત થયાં. નાનાભાઈ અને મનુભાઈ એ મંડળના પ્રમુખ – ઉપપ્રમુખ બન્યા.

### *ખેડૂત શ્રેયઃ સાધક મંડળનું ધ્યેય અને નિયમો :*

ખેડૂત અને ખેડૂતસમાજનું શ્રેય થાય ; સમગ્ર ગ્રામસમાજમાં કૌટુંબિક ભાવના કેળવાય , તેવી જીવનવ્યવસ્થા નિર્માણ થાય ; ખેત-ઉત્પાદનની વાજબી ભાવનીતિ ઊભી થાય ; ખેતીના ક્ષેત્રે સહકારી કાર્યપદ્ધતિ અમલી બને; પરસ્પરનાં હિતોની જાળવણી દ્વારા ઘર્ષણ નિવારણ માટેની પ્રેમપરંપરા જાગે ; કેવળ વર્ગીય નહીં, પણ સમગ્ર સમાજના હિતની દૃષ્ટિએ શ્રમજીવી વર્ગનું ઘડતર કરનારી સંગઠનશક્તિ નિર્માણ થાય; ખેડૂતો નીતિનિર્ભર, નિર્ભય સામાજિક જીવન વિકસાવી શકે તે મુખ્ય ધ્યેય રહ્યું. તેમ કરવા માટે સંખ્યા કરતાં વ્યક્તિમાં ગુણાત્મક શીલઘડતર થતું રહે અને તેમાંથી વિશ્વાસપાત્ર તેમજ જવાબદાર નેતૃત્વ નિર્માણ થાય તે દૃષ્ટિ મુખ્ય રહી. એ દૃષ્ટિએ નીચેના નિયમોના પાલનની સભ્યો પાસે અપેક્ષા રાખવામાં આવી :

તમાકુ કે કેફી ચીજોનું વાવેતર ન કરે. ખાદી પહેરે , ઘેર ગાય પાળે , પોતાના બાળક કે સ્ત્રી ઉપર હાથ ન ઉપાડે ; પોતાના બાળકને રાષ્ટ્રીય શિક્ષણ આપે , લાંચ રુશવત લે નહીં કે લાંચની દલાલી કરે નહીં; સહકારી ધોરણે ધિરાણ અને જરૂરિયાતની ચીજો માટે ભંડારની વ્યવસ્થા કરે. વર્ષમાં એક વાર સ્વાધ્યાય નિમિત્તે મળે અને મંડળના ખર્ચમાં સ્વૈચ્છિક ફાળો આપે.

આંબલાના ખેડૂત ગ્રીષ્મવર્ગમાં સાવરકુંડલા , ચારોડિયા અને મોટીમારડ વિસ્તારના ખેડૂતો આવ્યા હતા. એટલે ખેડૂત શ્રેયઃસાધક મંડળના ઉપક્રમે જે તે વિસ્તારમાં સંયોગો અનુસાર કાર્યક્રમો યોજાયા.

*લાંચ રૂશવત સામે અહિંસક પ્રતિકાર :*

સાવરકુંડલા વિસ્તારમાં એવું બન્યું ! વીજપડીના માથાભારે માણસ સાથે મળીને ફોજદાર વરસોથી લાંચ લે અને ગ્રામજનો પર ત્રાસ વર્તાવે. આ અરસામાં તેણે બગોયાના આગેવાન પટેલ પાસેથી પૈસા પડાવ્યા. અને ગામ વચ્ચે એમને અપમાનિત કર્યા. તેનો પ્રતિકાર કરવા અમુલખભાઈએ આગેવાની લીધી. તેમની આગેવાની નીચે ખેડૂતોએ ગામેગામ જેહાદ જગાવી. આથી ફોજદારે માફી માગી અને લીધેલી રકમ પાછી આપી. દરમિયાન ખાતાએ ફોજદારની બદલી પણ કરી. નાખી. પરિણામે પેલો માથાભારે માણસ પણ સંયોગ સમજી નરમ બન્યો.

**નાગરિક સ્વાતંત્ર્ય માટે જનજાગરણયાત્રા :**

ગોંડલ રાજ્યમાં સભાબંધી હતી. ગાંધીજયંતીના દિવસોમાં રચનાત્મક કાર્યનો સંદેશો ગામેગામ પહોંચાડવા ખેડૂત શ્રેયઃસાધક મંડળે કાર્યક્રમ યોજ્યો. સભાબંધી તૂટી. બધે જાહેરમાં ધ્વજવંદન કાર્યક્રમો યોજાયા. લોકોમાં અનેરું બળ આવ્યું. ભીમબાપાથી માંડીને ગામેગામના અગ્રણીઓએ ગ્રામસફાઈ કાર્યક્રમમાં સાથ આપ્યો. લાંચ રુશવતની બદીની જાહેરમાં ચર્ચા થઈ. લાંચ ન લેવા-દેવાના સંકલ્પો લેવાયા. અને એમાંથી જાગૃત થયેલી શક્તિએ જવાબદાર રાજતંત્ર માટે માગણી કરનારું નેતૃત્વ પૂરું પાડ્યું.

*સહકારી પ્રવૃત્તિ દ્વારા આગેવાની :*

ચારોડિયામાં શ્રી વલ્લભભાઈ પટેલે સહકારી ભંડાર શરૂ કર્યો. વ્યાપારી વર્ગને એમાં પોતાનું હિત જોખમાવાની દહેશત ઊભી થઈ. એટલે તેઓએ વિરોધ કર્યો ; પરંતુ જાગૃત ખેડૂતોએ આ સહકારી પ્રવૃત્તિને સુવ્યવસ્થિત રીતે આગળ વધારી. તેને લીધે વ્યાપારીઓનો વ્યક્તિગત સ્વાર્થ ખુલ્લો પડ્યો. સહકારી પ્રવૃત્તિને લોકસહકાર સાંપડ્યો.

**પૂરપીડિતોને સહાય :**

આ અરસામાં રંઘોળી નદીમાં ઘોડાપૂર આવ્યાં અને ઘોળા ગામ જમીનદોસ્ત બન્યું. એટલે ઘોળા ગામને નવી જગાએ વસાવવાનો સવાલ ઊભો થયો. આસપાસનાં ગામડાંઓનાં ભોંયભીતર થયેલાં મકાનોને ઊભાં કરવાં પડે તેમ હતાં. લોકો ઉપરના આ સંકટમાં ખેડૂત શ્રેયઃસાધક મંડળે સંકટગ્રસ્તોનાં મકાનો ઊભાં કરવા નિર્ણય કર્યો. સૌ અગ્રણીઓની દોરવણી નીચે કામ શરૂ થયું. નિયત સમયમાં મકાનો ઊભાં કરી આપ્યાં. આ કામની મુખ્ય જવાબદારી મંડળે મને સોંપી હતી.

## ખેત-ઉત્પાદનના વાજબી ભાવ માટે લડત

ધોળામાં ખાંડનું કારખાનું થયું. એટલે કારખાનાને ખેડૂતોએ છ આને મણ ફરજિયાત શેરડી આપવા ભાવનગર રાજ્યે ફતવો બહાર પાડવો. એટલે આવા ઠોકી બેસાડેલા ભાવ સામે ઠેર ઠેર સંમેલનો યોજ્યાં અને માગણી કરી કે કાં તો વાજબી ભાવ આપવામાં આવે. આવી માગણી સાથે મંડળે આંદોલન માટે તૈયારી આદરી. પરિણામે રાજ્યે ફરજિયાત વેચાણની શરત રદ કરી.

*ગામ આખું એક પરિવાર :*

માલપરા ગામ આખું જાણે મારો પરિવાર. ગામના એકેએક ખેડૂત સાથે મારે ઘર જેવો નાતો. ત્યાંની સમગ્ર શિક્ષણપ્રવૃત્તિમાં લોકોની સક્રિય ભાગીદારી રહી. લોકોની અભિમુખતા અને સહજ માગણીની સાથે સાથે જ ગામ સમસ્ત માટે લોકાભિમુખ શિક્ષણપ્રક્રિયા ચાલતી રહી. તે જ રીતે હું ગામ સમસ્તનો વૈદ બન્યો હતો તેથી મારા યોગક્ષેમની જવાબદારી ગામના ખેડૂતોએ ઉપાડી લીધી હતી. ખેડૂતો અનાજ, કઠોળ, શીંગ, ગોળ વગેરે મને આપે અને હું ઘરેઘરનો આરોગ્ય વિષયક સલાહકાર અને આરોગ્યરક્ષક બન્યો. આમ ગામના એકએક પરિવારમાં સહજભાવે એકરસ થઈને સૌનાં સુખદુઃખમાં સહભાગી બનવાનો મને મોકો મળ્યો.

*સૌ સાથે તાદાત્મ્ય અને તાટસ્થ્ય :*

મારો સ્વભાવ લાગણીપ્રધાન , સહેજ ઉતાવળિયો અને વાતોડિયો. એટલે જેની સાથે સહેજે સંબંધ કેળવાય તેના મય બની જાઉં. અને વાતોનો મારો ખોરાક એટલે કામની અને વગરકામની વાતોથી સૌ સાથે દિલથી એકરસ બનીને રહું. સૌ સાથે એવું તો મન ઓતપ્રોત બની ગયું કે કોઈ ઘરમાં નાનાં છોકરાંને કે બૈરાંને કોઈએ ધમકાવ્યાં હોય તો તેની વ્યથા જાણે કે મને થાય. હું ઘેર ઘેર જઈને સમજાવું કે બાળકોને કે બહેનોને કોઈ મારશો નહીં – ધમકાવશો નહીં. કોઈ મગજ ગુમાવીને માર મારે તો તેનો ઘા ઝીલવા હું વચ્ચે કૂદી પડું.

એક દિવસ ઢસા ગામમાં સાસુ એની વહુને મારતાં ને ગાળો દેતાં એના પિયર ધકેલતાં પાદર નીકળ્યાં. રસ્તામાં મારે એનો ભેટો થયો. તેને મારે ઘેર બોલાવ્યાં. એના પતિનેય બોલાવ્યો. ગુંદાળાથી વહુનાં પિયરિયાંનેય બોલાવ્યાં. સમજાવટથી તેનો ઘરઝગડો શાંત પાડ્યો. નક્કી થયું કે સાસુ કે પતિ હવે મારશે નહીં. પત્ની ઘરમાં નાની કે મોટી કોઈ ચોરી કરશે નહીં. સૌની બાંહેધરી લઈ ગળ્યાં મોં કરાવી સૌને પાછાં મોકલ્યાં. ભંડારિયામાંય શ્વસુરપક્ષ સાથે સુમેળ કરાવી વહુનું દુઃખ ટાળ્યું. માલપરામાં તો આખા ગામમાં બહેનોનાં સ્વમાન , અને સ્વાતંત્ર્ય જળવાય તેવું વાતાવરણ સહેજે કેળવાયું. એમાંથી જ ગામને કોઈ રંજાડે, દબાવે ને પીડે તેની સામે ગામની રક્ષા કરવાનો સહજધર્મ સૌને હૈયે વસ્યો.

## કેટલીક અન્ય સામાજિક પ્રવૃત્તિઓ

*બળ નહીં પણ પ્રેમપ્રયોગ :*

ખીજડિયાનો એક કાઠી યુવાન ઘોડા પર આવી, દબાવીને માલપરાના ખેડૂતો પાસેથી રજકા વઢાવી જાય. તેનાં ઘોડાં ખેતર –વાડીઓમાં છૂટાં ચરે. દક્ષિણ બાજુની સીમના ખેડૂતો તેનાથી એવા દબાઈ ગયેલા કે કોઈ તેની સામે હરફ ન ઉચ્ચારે. મેં તેનો ઘોડો ડબે પુરાવ્યો. તે ભાઈને ખબર પડી એટલે તે ધૂંઆંપૂંઆં થતો આવ્યો. ગામને ગાળો દેતો જાય અને જાસા બોલતો જાય , રુઆબભેર ઘોડો છોડીને ચાલતો થયો. હું ફરિયાદ કરવા તૈયાર થયો પણ ખેતરનો ધણી પોતાના ખેતરમાં ઘોડો નુકસાન કરતો હતો તે કહેવા તૈયાર નહીં. ડબે પૂરનાર ચોકીદાર પોતે ડબે પૂર્યો છે તેમ કહેવાની ના કહે. ગામના મુખી પણ મને ખબર નથી તેમ કહી છટકી જાય. નજરે જોનારા સાક્ષી ન પૂરે. ગામડાની આવી ડરપોક મનોદશા જોઈ હું અકળાયો. શું કરવું તે પણ સૂઝે નહીં. તેવામાં અચાનક ભાવનગર રાજ્યના ઉપ-પોલીસ અધિકારી ત્યાં આવી ચડ્યા. સ્વરાજ્યની હિલચાલના એ દિવસો હતા. સત્યાગ્રહ વખતે એક માસ મને પોલીસ કસ્ટડીમાં રાખેલો ત્યારે તેમની સાથે મીઠો પરિચય થયેલો. બ્રાહ્મણ કુળના ઉચ્ચ સંસ્કારના એ પ્રેમી હતા. અમે મળ્યા. અમારી રાત્રિપ્રાર્થનામાંય એ ભળ્યા. અમારા કામ અંગે એને ખૂબ જ આદર. અમારા કામમાં જરૂર પડ્યે પડખે રહેશે તેવું વચન આપીને વિદાય થયા. મેં ગામડાની પામરતાની અને માથાભારે તત્વોની રંજાડથી થતી હેરાનગતિની મૂંઝવણ તેમને જણાવી હતી. તે બધી વાત રસપૂર્વક સાંભળી. તેમના ગયા પછી તરત જ વાટાઘાટોનાં ચક્રો ચાલુ થયાં. ઘોડો લઈ જનાર ગાયકવાડી સરહદનો. પણ પાટણાના તેના સાથીદારો સમજાવટ કરવા તૈયાર હતા. મને સૂઝી ગયું કે ઢસાના પોલીસ થાણાના દબાણથી આ વાટાઘાટ શરૂ થઈ લાગે છે. મારો માર્ગ પોલીસભયનો નહીં પણ પ્રેમપ્રયોગનો હતો. મારા હૃદયમાં લેશ પણ કટુતા હતી નહીં. કેવળ પ્રેમ હતો.

બીજે દિવસેહું જાતે એ ભાઈને ઘેર ગયો. એને પોતાને મારા હૃદયની લાગણી સમજાઈ. એણે ભૂલ કબૂલી. સાથે સાથે જે સ્થિતિ તેને એવાં કામ કરવા પ્રેરતી હતી એ હતી ગીરો મુકાયેલી જમીન અને બેકારી. બીજાને બિવડાવીને પૈસા પડાવવાનો સહેલો રસ્તો તેને જડી ગયો હતો. તે છોડે તો જમીન પણ છોડાવી શકાશે તેવો વિશ્વાસ પણ મેં આપ્યો. સદ્ભાગ્યે બીજે વરસે ગીરોદારે જમીન છોડી દીધી. ગામના વેપારીએ બળદ–સાંતીના રૂપિયા પણ વગર વ્યાજે આપ્યા અને સારું જીવન જીવવું હોય તો તે પણ માંડી વાળવા તૈયારી બતાવી. અને આખરે માલપરાની એ દિશાની રંજાડ મટી એને હું ઈશ્વરકૃપા સમજું છું.

મને કાંઈ સૂઝે નહીં, અકળામણ થાય. એ વખતે પોલીસ અધિકારીનું આવવું, રંજાડ કરનારની માતાની મીઠાશ, એ ગામના આગેવાનની જમીન છોડી દેવાની તૈયારી , વેપારીની વગરવ્યાજે નાણાં આપવાની અને માંડી વાળવાની તૈયારી...એ બધું આપોઆપ ગોઠવાઈ જવામાં અવ્યક્ત કુદરતની કૃપા સિવાય બીજું શું હોય !

*અભય જીવનવ્યવહાર :*

અભય દિવ્ય ગુણ છે. ગીતામાં તે અગ્રસ્થાને છે. પણ નિર્ભયતા વાતોથી આવતી નથી. પ્રત્યક્ષ જીવનવ્યવહારથી તે શીખાય છે, અને શિખવાડાય છે. તે વાત મને પ્રસંગ પડ્યે સમજાઈ. માલપરાની આથમણી દિશાએ પાટણા ગામ. ત્યાંના એક કાઠી દરબારની ચોવીશ ગામમાં રાડ . તે ખીજડિયાના એક ગરીબ વાણિયાની પરણેતરને ઉપાડી લાવ્યો. કોઈ વાણિયાની વારે ન ધાયુ. અને વાણિયો પણ ફરિયાદ કરવા તૈયાર નહીં. પોલીસખાતા સાથે પેલાનું સહિયારું. એનો સાંઢિયો માલપરાની આથમણી સીમમાં છૂટો ચરે. મેં તો મારી જાતને ગામના માણસો , પશુઓ અને સીમ સાથે વણી દીધી હતી. આ રંજાડની વાત મારાથી સહન ન થાય. રોજની રાત્રિપ્રાર્થનામાં મેં એ ચર્ચા કાઢી. સૌ કહે સાંઢિયો પકડાય નહીં. એકે રસ્તો બતાવ્યો કે સાંઢિયાને પગે પથરો મારીને લંગડો કરી નખાય તો જ તે પકડાય. આ વાત પેલા કાઠી પાસે પહોંચી એટલે ખેડૂતને દાબ દઈને શીંગના પાથરા પહોંચાડવા જાસો મોકલ્યો. મેં ખેડૂતને શીંગ આપતાં વાર્યો. દબાવ્યા દબાશો તો ક્યારેય નહીં છૂટો. આ વાતની જાણ કાઠીને થઈ.

એક વાર દારૂ ઢીંચીને મારા દવાખાને આવ્યો. મારા ખોળામાં મારો એક વર્ષનો નાનો બાબો હતો. દારૂના કેફમાં તે કહેવા લાગ્યો : "ભવાની ભોગ માગે છે. આ છોકરાને લઈ લો." મારી પાસે જે બેઠા હતા તે ભાગી છૂટ્યા. પણ તરત ગામ આખું ભેગું થઈ ગયું. પણ કોઈની હિંમત નહીં. આખું ગામ ચિત્રવત્ પથ્થરનાં પૂતળાં જ જોઈ લો ! બાબાને મારાં પત્ની લઈ ગયાં. આવનારને મેં ભાવથી આવકાર્યો. તેના આપ્તજન બની પ્રેમથી તેના પર હાથ ફેરવ્યો. તે છંછેડાયો. કહ્યું કે તમારી પાસે થ્રી નૉટ થ્રીની હોય તો મારી પાસે ફાઈવ નૉટ ફાઈવની બંદૂક છે. આજ તો પણ લીધું છે. ભવાનીને ભોગ આપ્યા પછી જ આ ગામનું પાણી પીવું છે , મેં મક્કમતાથી કહ્યું કે તે બનવાનું નથી. તો કહે કે તલવાર નહીં તો મ્યાન મારવા દો. મેં જોયું કે બરફ ઓગળ્યો ખરો. મેં કહ્યું એ તો ન જ બને. તો કહે કે તમને નહીં તો પદમા પટેલને મારું. મેં ફરી તેને સમજાવ્યો કે પદમા પટેલનો ઘા મારા પરનો જ ઘા ગણાય. તે પછી જોઈ લઈશ કહી તે સાંઢિયા ઉપર ચડ્યો. હું તે સાંઢિયાની ડોકે બાઝી પડ્યો. મને એણે હાથ દઈને કાઠા ઉપર બેસાડ્યો. ને સંભળાય નહીં તેવી ગામને ગાળો દેતો સાંઢિયો હંકારી મૂક્યો. ગામ આખું બાધા જેવું બની ગયું. હેબત ખાઈ ગયું.

ગામના પાદરમાં જ મુખી સામા મળ્યા. તેણે રંગ પારખી લીધો. સોગંદ દઈને એ ભાઈને પોતાને ઘેર લાવ્યા. મને કહે તમે તમારા કામે લાગો. એ ભાઈને મુખીએ ચા-પાણી પાયાં , ને આરામ કરવા કહ્યું. જેવો તે સૂતો કે તરત ડેલાનાં બારણાં બંધ કરી દીધાં અને મારી પાસે આવ્યા. ને કહેવા લાગ્યા ! આવા હડકાયાની હડફેટે ક્યાં ચડ્યા ? હવે આનું કેમ કરવું છે ? મેં કહ્યું સમજાવશું તેને. અજ્ઞાનીના ઓરતા ન હોય . દારૂનું ઘેન ઊતર્યું ત્યારે તે શરમાયો ને નીચું જોઈ ગયો. અમે હજી કાંઈ વાત શરૂ કરીએ ત્યાં તો જેનાં જેનાં એણે નામ લીધાં હતાં તે સૌ ખોળા પાથરતા ને કાકલૂદી કરતા આવ્યા. આ પામરતાથી હું દિગ્મૂઢ થઈ ગયો. તે બધાંને મેં પાછાં વાળ્યાં. કઠોર અને ક્રૂર ગણાતા આ માણસને લજ્જા આવી. તેને મેં મીઠો આવકાર આપ્યો , ગાય અને ગોવંશ પ્રત્યે તેને ખૂબ પ્રેમ. તેના હૃદયમાં રહેલા આ કૂણા ખૂણાને સહારે તેની સાથે મહોબત બાંધી. તેના ભાઈ ખૂબ સમજણા અને સમયના પારખુ હતા. તેમને ઘેર ભોજન લીધું. યોગાનુયોગ તે પોતાની બડાઈના મદમાં ડફેરો સાથે ઝગડ્યો. અને ડફેરોએ તેનો સાંઢિયો અને બંદૂક બન્ને આંચકી લીધાં. સાંઢિયાનો ભય ટળ્યો તેથી એ બાજુની રંજાડ ગઈ. તે દિવસથી કાઠી કાંઈક ઢીલો પડ્યો. એના ધાકની ભ્રમણા ભાંગવા જ કુદરતે આ ડફેરોનો ભેટો કરાવી દીધો હશે તેમ અમે માન્યું. સાથે સાથે આ ઘટનામાં ઈશ્વરકૃપાનાંય અમને દર્શન થયાં.

આ બનાવ બન્યા પછી કેટલાક યુવાનો અમારી પ્રવૃત્તિ પ્રત્યે વધુ આકર્ષાયા. માલપરા અને ખીજડિયામાં એક સપ્તાહની શિબિર કરી. ખેડૂત શ્રેયઃસાધક મંડળની સમાજગત સેવાનો માર્ગ એ તો શૂરવીરતાનો માર્ગ છે. કાયરતા ખંખેરવા અને અભયશૌર્યથી સજ્જ થવા માટે જરૂરી વાતાવરણ શિબિરમાં ઊભું થયું. માલપરાની ઉગમણી સીમે ચારણોનાં ખેતરો. તે પછી આગળ આંકડિયા અને ચોસલાનાં બધાં ખેતરોમાં તે વખતે ખેતી તો ભાગ્યે જ થતી. ચારણ ભાઈઓ બધે ઢોર ચરાવતા ફરે. આસપાસની ૭૦૦ વીઘા ખેડવાણ જમીન. પણ ક્યાંક જ વવાય. વવાય તે અરધું પરધું તો આ ચારણ ભાઈઓનાં ઢોરની રંજાડથી ખતમ થઈ જાય. પર્યુષણના દિવસોમાં આ સીમમાં હું ઝૂંપડી બાંધીને રહ્યો. એ દરમિયાન એક વાર વેડવા વાઘરી ત્યાંથી નીકળેલા એટલે ગામના કોઈકે કહેલ કે “એલા ! ઓલી લીલી ઝૂંપડીમાંથી કોઈ કાંઈ ન લેતા. એ ઝૂંપડીમાં માટલિયાભાઈ જપ કરે છે. એણે તો આ ગામમા બ્રાહ્મણ અને ભંગીને એક પંગતે જમતા કરી દીધા છે. વેડવા વાઘરીના મનમાં એ વાત વસી ગઈ હતી. યોગાનુયોગ બન્યું એવું જે એને શીંગના પાથરા ચોરવા અને મારે આથમતા સૂર્યનાં દર્શન કરવા બહાર નીકળવું. વાઘરીઓ તો ભખોભખ પાથરા છોડીને ભાગ્યા. તેણે આંકડિયામાં વાત કરી કે ઝૂંપડીવાળાએ સામી નજર નાખી ત્યાં પાથરા છૂટી ગયા.

ચારણ ભાઈઓને મનમાં થયું કે એ માણસમાં જરૂર એવું કાંઈક હશે. નહીં તો રાજમાં જેની ખુરશી પડે એવા લીંબા પટેલ પણ એને પૂછીને પાણી પીએ એવું ન બને. આ અરસામાં એક બાઈ

ઉધરસની દવા લેવા આવી. સામે જ અઘેડો હતો. તેની રાખ બનાવીને મેં આપી દીધી. ઉધરસ મટી ગઈ. એટલે બાઈએ બધે કહ્યું કે અરે એક સળીની રાખ આપે ત્યાં તો રોગ મટી જાય છે. આમ અહોભાવથી તે અંજાતા જતા હતા. એક વાર આ ભાઈઓનાં ઢોર અમે ડબે પૂર્યાં એટલે ગામના ઠરેલ અને ડાહ્યા ગણાતા શંકરદાનભાઈ મળવા આવ્યા. તેમના વચનવિશ્વાસ પર મેં ઢોર છોડી મૂક્યાં. એટલે તેણે છાશ પીવા આમંત્રણ આપ્યું . હું તેને ત્યાં ગયો ત્યારે ખબર પડી કે છાશ પીવા નિમંત્રણ એટલે રીતસરનું જમવાનું નિમંત્રણ. એ નિમિત્તે સૌ સાથે સત્સંગ થયો. કેટલાક ચારણભાઈઓ તો ન્યાય માટે પ્રાણ પાથરે એવા. પહેલાં તો ચારણની સાક્ષીએ સંધિ થતી. આવી સંધિને અંગ્રેજો પણ માન્ય રાખતા. ધર્મ અને નીતિની રખેવાળી એમનો ધર્મ ગણાતો. આ ભાઈઓ બીજાની મોલાત કેમ ભેળવે ? આવી બધી વાતો થઈ. આ વાતો સમજાઈ કે ગમે તે કારણે, એ સીમ તરફની રંજાડ અટકી. અમે નાગવાડામાં સંસ્કારકેન્દ્ર શરૂ કર્યું. તે પછી તો આસપાસની ૭૦૦ વીઘાં જમીન ખેડાવા લાગી. અને આંખ ઠરે તેવી મોલાત થવા માંડી.

છ મહિનામાં અમે અનુભવ્યું કે રાજ્યના કાયદા અને પોલીસબળ કરતાં પ્રેમ-મહોબત અને સમજણે રંજાડ દૂર કરવામાં અને કાંટિયા વરણનાં દિલ કૂણાં બનાવવામાં અનેરું કામ કરે છે. એ તો તો જ બની શકે જો માતા જેવું વત્સલ હૃદય હોય. આવો વત્સલહૃદય માણસ સારાયે ગામને માર્ગદર્શન આપે અને સારુંયે ગામ કુટુંબના જેવી પારિવારિક ભાવનાથી રહેવાનો સંકલ્પ કરી પરસ્પરના હિતનો સુમેળ કરે. સર્વના હિતમાં મારું હિત છે તેવો તદાકાર ભાવ વિકાસ પામે. આને જ અમે સમાજગત ભાવના કહીએ છીએ. આ જ છે ખેડૂતની શ્રેયઃસાધના અને એ સાધનાના અંગરૂપે મેં ગામ સાથે તાદામ્ય અનુભવ્યું.

એક વાર ખબર આવ્યા કે ગેમલાએ ઘોઘાસમડી ગામને જાસો આપ્યો છે. ગામ આખું હેબતાઈ ગયું છે. હું ત્યાં ગયો. ગામમાં સભા ભરી સૌને હિંમતવાન થવા કહ્યું. ગેમલાની સાથે સંબંધ રાખનારાઓ દ્વારા કહેવડાવ્યું કે અમે અહીં નાનાભાઈના આશીર્વાદ લઈ જ્ઞાનપરખ માંડી છે. એટલે આસપાસ કોઈને રંજાડશો નહીં. ગેમલો એ ગામમાં ન આવ્યો . બહારવટિયામાં રહેલા સદ્ અંશોને જગાડીને કામ લેવાની લોકોમાં હિંમત જાણે કે કેળવાવા માંડી. ગામના સ્વરક્ષણ માટે ગામે જ પ્રયત્ન કરી યોગ્ય વાતાવરણ કેળવવા નિરંતર પ્રયત્ન કર્યો. એથી બહારવટિયાને આશ્રય આપનાર અને બહારવટિયાના નામે ધમકાવીને પોતાનું કામ કઢાવનાર ખાટસવાદિયાઓ પણ આખરે સમજી ગયા. આમ આવાં અસામાજિક તત્વોનેય ગામના સ્વરક્ષણ માટેનો ધર્મ સમજાવી સેવામાર્ગની સહજ સમજ કેળવાતી ગઈ. આવી બાબતમાં રાજ્ય અને અધિકારીઓની ફરજચૂકની ટકોર જાહેરમાં કરતા રહ્યા. પરંતુ રાજ્યની મદદ અને તેની કાર્યવાહીમાં ક્યાંય ન ભળ્યા પરંતુ લોકસંપર્કથી લોકચેતનાને જાગૃત કરી નિર્ભયતા કેળવવા અમે

સતત પ્રયત્નશીલ રહ્યા. એકાદ અપવાદ સિવાય ક્યારેય રાજ્યને માહિતી પણ પૂરી ન પાડતા. પરંતુ અસામાજિક તત્વોને લેશ પણ છાવર્યા વિના જાહેરમાં ખુલ્લાં પાડતાં પણ અચકાતા નહીં.

સૌરાષ્ટ્ર રાજ્યની સ્થાપનાને લગભગ બે વર્ષ થયાં હતાં. આ અરસામાં અમે નાગવાડામાં કૃષિકેન્દ્ર શરૂ કર્યું હતું. મગનભાઈ અને જગુભાઈ ખેતીવિકાસમાં મશગૂલ હતા. તેવામાં વીસા માંજરિયાના બહારવટાના સમાચાર આવ્યા. કણબી પટેલિયાઓનાં કરપીણ રીતે નાક વાઢીવાઢીને તેણે આખા વિસ્તારમાં ધાક ઊભી કરી દીધી હતી. રતુભાઈ વગેરે મિત્રો ઠેર ઠેર ગ્રામરક્ષક દળો ઊભાં કરી કરીને ગ્રામજનોને નીડર-નિર્ભય બનાવવા મથી રહ્યા હતા. જગુભાઈ અને મગનભાઈ પણ આ હિલચાલમાં જોડાયા અને બંદૂકો શીખીને લીલિયા પંથકની રક્ષા કરવા ખડે પગે તૈયાર રહેતા.

માલપરા આવીને એમણે જુવાનિયાઓને તૈયાર કર્યા. આ જુવાનિયાઓને રાઈફલની તાલીમ આપવા મેલાસિંહ પણ આવી પહોંચ્યા. એટલે જુવાનો કસરત કરે, રાઈફલની તાલીમ લે, ધાર્યાં નિશાન પાડે. કાયરતા કરતાં સશસ્ત્ર સામનો સાતગણો સારો એમ માની મેં એને પ્રોત્સાહન આપ્યું. આમ છતાં મારો વિશ્વાસ તો શસ્ત્ર કરતાં સમજણ કેળવવામાં જ હતો. ઈશ્વર શરણ કે આત્મશ્રદ્ધા જ સાચું શૌર્ય પ્રગટ કરી શકે તેમ માની હું ભક્તિ અને સમર્પણની શીખ આપી સૌને સજ્જ રહેવા પ્રેરતો. જે વખતે માલપરા તરફનો વિસ્તાર બહારવટિયાની રંજાડથી ઘેરાયો હતો અને કેટલાક કાઠી દરબારો તેમ જ ભરવાડ અને કોળી ભાઈઓ તેને આશરો આપતા, તે અરસામાં ભૂપત પોતાની ટોળકી સાથે માલપરાની સીમમાં આવી ગયેલો. એને નામે એના મળતિયા અને માથાભારે તત્વો ગ્રામજનોને દબાવે રંજાડે. આ સૌની સામે અમારી જેહાદ હતી. એટલે તે અમારી સામેય ઉશ્કેરાય એ સહજ હતું.

*રામનાં રખવાળાં :*

એક રાત્રે મારા પુત્રને સખત તાવ. ગઢડાથી ડૉ. ભાલચંદ્રભાઈને તેડાવેલા. રાત્રે સારવાર કરી સવારે ગઢડા પહોંચ્યા. એ જ વખતે બહારવટિયાનો સાગરીત રાણો માંદો પડેલો અને ગઢડામાં છુપાઈને સારવાર લે. ભાલચંદ્રભાઈ જાણે નહીં કે આ ડાકુ છે. તે તે જ રાત્રે મળવા આવેલો. તેણે ડૉક્ટરને પૂછ્યું કે હું રાત્રે તમને મળવા આવેલો. તમે ક્યાં ગયા હતા ? તો ડૉક્ટર કહે કે માટલિયાભાઈના પુત્રને તાવ હતો એટલે માલપરા ગયો હતો. તો રાણાએ પૂછ્યું કે ‘ડૉક્ટર સાહેબ, અત્યારે બીકાળુ છે. તમે રાત્રે જતાં ન ડરો ?’ ડૉક્ટર કહે, માટલિયાભાઈ તો શંકર જેવા માણસ છે. ગરીબ –ગુરબા–દુઃખિયાંની સેવામાં એણે જીવન આપ્યું છે. એનો દીકરો માંદો હોય એટલે ગયા વિના ચાલે નહીં . આ સાંભળીને રાણો ત્યાંથી રવાના થયો અને ભૂપતની ભેળો થઈ ગયો. એણે એને ચડાવવા પ્રયત્ન કર્યો પણ એણેય કહ્યું કે માટલિયાભાઈને મારીને પાપમાં પડાય નહીં.

અમારા ગામના એક પગીને ભૂપત સાથે ભળી જઈને માહિતી પહોંચાડવા પોલીસખાતાએ રાખેલો. તે ભૂપતની ટોળકીમાં હતો. તેણે કારતૂસની નિશાની આપીને અમને ખબર આપ્યા કે રતુભાઈવાળી વાત આગળ વધારવી હોય તો અમુક જગાએ સમાચાર પહોંચાડો. અને અમને ચેતીને ચાલવાનુંય કહ્યું. એણે એમ પણ કહ્યું કે એક દિવસ ઓખા ટ્રેઈનમાંથી ઊતરીને તમે જતા હતા. મેં તમને પડકારેલા. ત્યારે તમે કહેલું કે મને તારી બીક નથી લાગતી, રામ રાખે તેને કોણ મારી શકે ?

એક વાર રાત્રે ગાડામાં ઢસા જતા હતા ત્યારે પણ બહારવટિયાએ અમને પડકારેલ , અને અમે રામનામે બચી ગયા. પણ તે દિવસેય અમને એણે કહ્યું હતું કે અમે હાથ નહીં ઉપાડીએ , પણ અમારો કેડો છોડી દે. અમે તેમને એક સમાચાર રસિકભાઈ ગૃહમંત્રીને પહોંચાડવા કહેલ. તે તેમણે ગૃહમંત્રીનેય પહોંચાડ્યા. પ્રથમ તો તેઓ માનવા તૈયાર ન થયા ! પણ કોડવર્ડ સમજ્યા પછી તે પણ સંમત થયા. આવા અનેક સારા અનુભવો અમને થયા અને ડાકુ ગણાતા આ લોકોમાં જે સારપ પડી છે તેને જગાડવામાં આવે તો તેના તે પ્રકારના જીવનમાંથી પાછા ફરી શકે. નાનાભાઈએ ખડસલીમાં વીસા માંજરિયાને મળીને નાક કાપવાના ક્રૂર માર્ગેથી પાછો વાળેલ તેથી અમારો વિશ્વાસ પાકો થયો હતો.

રામપરનો એક યુવાન કાઠી ગરાસિયો ગંભીરાની ટોળીમાં અને પાછળથી ભૂપતની ટોળીમાં ભળી કામ કરતો હતો. તે પકડાઈ ગયેલો. પછી કસ્ટડી તોડીને ભાગી છૂટેલો. મારે તેની સાથે પરિચય થતાં સમજાવ્યો એટલે તે શરણ થવા તૈયાર થયો. તેને મારફૂટ ન કરવા ખાતાને આદેશ આપવા મેં રસિકભાઈ સાથે વાત કરેલ. બીજો એક ચાવંડનો યુવાન તૈયાર હતો , પણ પેલા ભાઈનું શું થાય છે તે જાણ્યા પછી હાજર થવાનું વિચારતો હતો. પણ તે દરમિયાન પોલીસે એને માર્યો. કેટલાંક રાજવી કુટુંબો. મોટા મોટા દરબારો અને વગવસીલાવાળા કાઠીઓય કોને કોને આશ્રય આપે છે તેની વાત તેણે પોલીસને જણાવી. એટલે પોલીસે ફરી માર્યા અને ચસકેલ મગજનો કહીને ખોટાં નામ આપે છે તેમ કહી માર્યો. વાત સાચી સાબિત થઈ ત્યારે તેની વાત માની. જેલ ભોગવ્યા પછી એ કાઠી ભગત થઈ ગયો.

જેઓ બહારવટિયાને આશ્રય આપતા હતા તેમાંના કેટલાક તો બીક ને લાચારીથી રોટલો આપી છૂટી જતા હતા. મોટા ભાગના કણબીઓ ડરથી કે પોતાનાં સગાંની સલામતી જાળવવા રોટલો અને ઓટલો આપતા. કાળુ વાંક જેવો હોય તો નાસી છૂટતા. ભેરુને રોટલો અને આશરો દેવાની પરંપરા હતી. આ પરંપરાને કારણેય કેટલાકને આશરો દેવો પડતો. કેટલાક તો પોલીસ અને ધાડપાડુ વચ્ચે કડીરૂપ બની પોતાનો પ્રભાવ વધારતા. મુત્સદ્દી ગરાસદારો પોતાના એસોસિયેશનમાં કે રાજકીય પક્ષોમાં વગ વધારાના હેતુથી આમ કરતા . આ જ બધા બહારવટિયાઓના અડ્ડા બની ગયા હતા. અમે આ સૌને મળીને સમજાવતા, જાહેર સભાઓમાં પણ સૌને આમ ન કરવા અપીલ કરતા. પરંતુ સલામતીધારા નીચે જ્યારે આ બધાને પકડવામાં આવ્યા ત્યારે તેઓય અમારા તરફ શંકાની નજરે જોતા. પકડાયા

તેઓને છોડાવવા અમને કોઈ કહેતા ત્યારે અમે શરત મૂકતા કે દારૂ અને કુસંગ છોડે તેને જ છોડવા રાજ્યને સમજાવી શકાય. સૌરાષ્ટ્ર સરકારની અમને મદદ હતી – હૂંફ હતી. પણ અમે કોઈને પકડાવતા નહીં.

### *ગામ કેમ છોડાય ? :*

એક વાર કાળુ વાંકની ટોળી ભંડારિયાની સીમ બાજુથી આવી અને નદીએ કપડાં ધોતી બહેન પાસે મારી ભાળ માગી. બહેને આવીને મને ખબર આપ્યા. પાટણાના દરબારે પણ આવીને મને ખબર આપ્યા અને ઉમેર્યું કે બહારગામ છે તેમ કહી રવાના કર્યા છે માટે મહેરબાની કરીને થોડા દિવસ બહાર ચાલ્યા જાઓ. મેં કહ્યું એ કેમ બને ? ગામ કેમ છોડાય ? હું તો ગામડાનો શિક્ષક , નિર્ભયતાના પાઠ ભણાવું. ગામ છોડી બહાર જાઉં તો શિક્ષક તરીકેનો મારો સ્વધર્મ લાજે.

કાળુ વાંકના સસરા વાજસુરવાળા થિયોસોફીના અભ્યાસી. સજ્જન પણ ખૂબ તેમ સાંભળ્યું હતું. અમારા જોડીદાર જેરામભાઈને તે પરિવાર સાથે સંબંધ હતો. એમને ત્યાં મોકલ્યા અને પુછાવ્યું કે કાળુ વાંકને મારું શું કામ હતું ? તે જણાવે તો માટલિયાભાઈ મળી જશે. એમણે કહેવડાવ્યું કે માટલિયાભાઈએ રસિકભાઈને લખેલ પત્રની નકલ કાળુ વાંકને મળી છે તેથી તે રોષમાં છે. સારો રસ્તો એ છે કે હમણાં થોડો વખત બીજે રહે. પણ જે દિવસે માલપરામાં હું ન હતો, સાંજે એ ટોળી અમારે ત્યાં આવેલી. ઢસાના ફાટક પાસેથી તેણે ખટારો ઉપાડ્યો અને નરસિંહભાઈ પર તે હુમલો કરવા જતો હતો. ત્યાં પોલીસ ઉપરી કાનેટકરની ટુકડી સાથે ઝપાઝપી થઈ એમાં એનો એક આદમી મરાયો અને બીજા ભાગી છૂટ્યા.

### *સંમેલન તો ભર્યું જ :*

ચીરોડામાં અમે ખેડૂત સંમેલન રાખ્યું હતું. હવા એવી હતી કે આ સંમેલનમાં ભૂપત એની ટોળી સાથે ત્રાટકવાનો છે. પણ મેં જાહેરમાં કહ્યું કે પાંચમની છઠ કોઈ કરી શકતું નથી. અરે ઈશ્વરની ઇચ્છા વિના અમને તો શું પણ અમારા માથાના ટોલાને પણ કોઈ મારી ન શકે. ભાષણ ચાલતું હતું તે દરમિયાન ચોગઠવાળા છગન લાલજી વગેરે કેટલાક ધારાસભ્યો ગાડી લઈને આવી પહોંચ્યા. આ સંમેલન પરના ભયની વાત રાજકોટ પહોંચી હતી તેથી ધોળામાં રહેલી મિલિટરીને વાયરલેસથી ખબર આપવામાં આવ્યા. તેથી અથડામણ ટાળવા ઉજળવાવ પાસે જીપ મૂકીને બહારવટિયા નાસી છૂટ્યા. તે દિવસથી માલપરામાંય મિલિટરી મૂકાઈ અને મારી રક્ષા માટે બીજા બે પોલીસોનેય મૂકવામાં આવ્યા. રસિકભાઈને મેં ના કહેલ, પણ તેમણે કહ્યું કે ફૂલચંદભાઈના સાથીદાર વીર શિવાનંદજીને ગુમાવ્યા પછી હું ગફલતમાં રહેવા માગતો નથી. આમ અનાયાસે અમારી રક્ષા થઈ. આમાં મેં ઈશ્વરની કૃપા જોઈ.

## ખેડે તેની જમીનની માગણી અને....

સૌરાષ્ટ્રમાં પ્રજાકીય રાજ્યની સ્થાપના થઈ તે પછી ખેડૂતોની સમસ્યાઓને સત્ય અને અહિંસાના માર્ગે શાંતિમય નિરાકરણ કરવા ખેડૂત શ્રેય:સાધક મંડળ દ્વારા પ્રયત્નો ચાલતા હતા. ચંપારણ, ખેડા અને બારડોલીની લડતો દ્વારા એ અહિંસક માર્ગ લાધ્યો હતો. તેથી આ ખેડૂત શ્રેય:સાધક મંડળના કામને સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિએ પણ રચનાત્મક કામ તરીકે સ્વીકાર્યું હતું. અને એવું પણ નક્કી કર્યું હતું કે આ મંડળનો કોઈ પક્ષના હાથા તરીકે ઉપયોગ ન કરવો. સદ્ ભાગ્યે ઢેબરભાઈની સરકાર ગાંધીનીતિને અમલમાં મૂકવા પ્રયત્નશીલ હતી. કેટલાક સાથીદારોને આ બાબતમાં મતભેદ હોવા છતાં ઢેબરભાઈએ ખેડૂત મંડળની આ પ્રવૃત્તિને આવકારી હતી. સૌરાષ્ટ્રમાં રૈયતવારી પદ્ધતિમાં જમીન મહેસૂલ રોકડેથી ભરવાનું નક્કી થયું હતું. છતાં પણ બધેય ભાગબટાઈ , વેઠ, વેરા, લાગા, તેમ જ ગમે ત્યારે જમીન આંચકી લેવી આ બધું ચાલુ હતું. એટલે ખેડૂત મંડળે કાયમી રીતે જમીન તેના સાચા ખેડનારને મળે અને ગરાસદારને તેના ધારણ-પોષણ માટે જમીન રહે તે રીતે કાયદો કરવા માગણી કરી.

સરકારે જમીન સુધારણાનો કાયદો કરવાનો ચૂંટણીમાં કોલ આપ્યો હતો. ઢેબરભાઈની દોરવણી નીચે કોંગ્રેસે પણ સાઠની ધારાસભામાં વીસ જેટલા ખેડૂત આગેવાનોને સ્થાન આપી ખેડૂતો પ્રત્યેની નિષ્ઠા સિદ્ધ કરી. જમીન સુધારણા ધારાના અમલ પછી ખેડૂત અને ગરાસદારના જમીન સંબંધી પ્રશ્નો પતાવવા અમારી નીતિ બન્નેને પરસ્પર સમજી કાયદેસરના એકબીજાના અધિકાર જાળવવા એવી હતી. ખેડૂતે પરસેવો સીંચી જમીન સારી કરી હોવા છતાં ઘરખેડમાં દરબાર સારી જમીન માગે તો આપવા અમે ખેડૂતને સમજાવતા. કેમ કે તે વર્ગનો ભાવિનો આધાર જમીન જ રહેવાની. સામેથી હકથી મળતી જમીન દેવાની દરબાર ના કહે તો અમે ખેડૂતની પડખે રહીને અપાવતા. કોઈ જોરજબરી ધમકી કે હિંસાનો આશ્રય લે તો તેનો પ્રતિકાર કરવાનું શીખવતા. ઘણી વાર ગરાસદાર સામે લડવાનો પ્રસંગ આવે ત્યારે અમારા મનમાં ગરાસદાર વ્યક્તિ કે કોમ પ્રત્યે લેશ પણ કડવાશ ન રહેતી. ગરાસદાર આગેવાનો સાથે વ્યક્તિગત સંબંધ પ્રેમાળ રહે તેની ચીવટ રાખતા. તેમ છતાં તેમની જબરદસ્તી સામે નમ્રતા સાથે મક્કમતા રાખવામાં આવતી. મોટા મોટા વગવસીલા અને જેની ધાક આખા પ્રદેશમાં હતી તેવા પાંચસાત આગેવાનોના કેસમાં ખેડૂતને વિજયી બનાવવાથી સમગ્ર પ્રદેશના પ્રશ્નો સહેલાઈથી પતી ગયા હતા.

### *લાગવગશાહી સામે રક્ષણ :*

એક દરબાર ખૂબ જ બાહોશ. કાયદાના પાળનારા. સમય પારખી સૌ સાથે સારો સંબંધ રાખનારા. પોતે સારા લાગે પણ થોડાં માથાભારે તત્વો અને પોલીસખાતાના સુમેળ દ્વારા ધાક એવી જમાવે કે આસપાસનાં ગામડાંઓમાં એમની જ હાક બોલે. ઘરખેડની જમીન તો '૪૭ પહેલાં તેણે ખેડૂતો

પાસેથી પડાવીને પોતાની પાસે જ રાખી હતી. વાડીની જમીન, ખોરડાં વગેરે બાબતમાં મનધાર્યું કરાવે. સોનગઢમાં ઢેબરભાઈનો મુકામ. અમે તેમનો પ્રશ્ન મૂક્યો. ઢેબરભાઈએ તે ભાઈને જાહેરમાં જ ખખડાવ્યા અને કાયદેસરના ગરાસ ટકાવવા હોય તો કાયદા વિરુદ્ધ ન વર્તવા ચેતવણી આપી. ગરાસદારે વખત પારખી અમારા કાર્યકર સાથે બેસીને ખેડૂતને ધોરણસરના અધિકાર આપી પ્રશ્નનું શાંતિમય નિરાકરણ કરવાનું શાણપણ વાપર્યું. તેની પ્રત્યેક ગામ પર સુંદર અસર થઈ ને ગામમાં દરબાર –ખેડૂત વચ્ચેના પ્રશ્નો પરસ્પરની સમજાવટથી પતી ગયા.

### *કુટિલ કુનેહબાજી સામે રક્ષણ :*

એ દરબારના સાગરીત એવા બીજા એક દરબાર સજ્જન , વાતડાહ્યા અને મુત્સદ્દી હતા. પોતાની ૬૦૦ વીઘા જમીન તો સ્વરાજ્ય પહેલાં જ ખેડૂતો પાસેથી લઈ લીધેલી. પણ બીજા દરબારોની આગેવાની જાળવવા અને ખેડૂત પર પકડ રાખવા તે કુનેહથી કામ લે અને ખેડૂતમાં ભેદભાવ –કુસંપનો લાભ લઈ ખેડૂતોનીય આગેવાની લઈ શકે. અધિકારીઓને પ્રેમથી સાચવી લે તેવા ; પરંતુ તેની સામે એક મોટો ખેડૂત પરિવાર થોડો સ્થિતિસંપન્ન, જરૂર પડ્યે માથું ઊંચકે તેવો શક્તિશાળી. તે જો હામ હારી જાય તો બધા ખેડૂતો દરબારનું મનધાર્યું કરે. ગામના કુસંપનો લાભ લઈને અને અમલદારની વગનો ઉપયોગ કરીને એક કુટુંબની ખેતીની જવાબદારી જેના પર હતી તેવા તે બેય મોટાભાઈને અટકમાં લેવરાવી સૌથી નાનાને ધમકાવી મનધાર્યું કરાવવાના ઘાટ દરબાર ઘડતા હતા. તે વાતની લીંબા પટેલને ખબર પડી એટલે તે ખેડૂતની વહારે ધાયા. મેં પણ આવા નાના ખેડૂતને દબાવવાની ભૂલ માટે તેને ઠપકો આપ્યો. બેય ભાઈને જામીન પર છોડાવ્યા અને દરબાર સામે કાનૂન અનુસાર કામ લીધું. પરિણામે પેલા નાના ખેડૂતને ઠીક ઠીક ન્યાય મળ્યો. ધાકધમકીની અસર ઓગળી અને ખેડૂત દરબારના સંબંધો તંગ ન થયા.

### *ખોટી શેહ સામે રક્ષણ :*

પ્રમાણમાં અપરિચિત એવા ગામમાં ઘરખેડ મામલતદાર આવ્યા હતા. જમીનના મૂળ માલિક કાઠી દરબારની હાજરીમાં તેના બધા ખેડૂતોએ અમારે જમીન નથી જોઈતી તેમ કહી રાજીખુશીથી આ જમીન જતી કરીએ છીએ તેમ લખી આપ્યું. બીજી બાજુ તે દરબાર જ્યાં રહેતા ત્યાં તેમને ઘરખેડની જમીન મળી જ ગઈ હતી. તે ગામે ચુકાદો અપાય તે પહેલાં ધારાસભ્ય છગનભાઈ વતી અમારે હાજર રહેવું તેમ નક્કી થયું હતું.

મેં કાઠી દરબારોને પૂછ્યું : "તમે જમીનનાં દાન આપો ખરા !" તે કહે બહેનોને , ભાણિયાઓને અને દેવમંદિરને અમારાં દાન હોય જ. તે પછી મેં ખેડૂતોને પૂછ્યું, તમે તમારી દીકરી, બહેન કે ભાણેજને

જમીન દાનમાં આપો ? તો કહે ના. એટલે દરબારોએ ટાપસી પૂરી કે દાન તો અમે જ દઈ જાણીએ. કણબીના કોઠામાં એ નથી. એટલે એ વાત પકડી મેં ઘરખેડ મામલતદારને લખાવ્યું કે આપ તો આખી વાતના સાક્ષી છો. ખેડૂત કોઈને રાજીખુશીથી જમીન આપી દેતો નથી. તો તેમને જે જમીન કાયદેસર મળે જ છે તે જમીન તે રાજીખુશીથી કેમ જતી કરે છે ? તે રાજીખુશીથી નહીં, કોઈ બીજા કારણથી. કોઈ ધાકથી કે ખોટી શેહથી આ જમીન છોડે છે. આ રીતે જમીન જતી કરી તે કાનૂનસર ન ગણાય. એટલે દબાણ કે આંખની શરમે આપેલાં નિવેદન ગેરકાયદેસર ગણી રદબાતલ ગણવાં. આ સાંભળીને અજાણ્યા આ ગામના ખેડૂતોને હિંમત આવી અને ઘરખેડ મામલતદારે ખાનગીમાં એકેએક ખેડૂતનાં નિવેદન લીધાં. ખેડૂતોએ કહ્યું કે રાજ્ય અમને રક્ષણ આપે તો અમે જમીન જતી કરવા માગતા નથી. એ સ્પષ્ટતા પછી ખેડૂતોને કાયદેસરના અધિકાર મળ્યા. સિંહના મોંમાંથી શિકાર છટકે ને જેવું રાહતજનક આશ્ચર્ય જન્મે તેવા આશ્ચર્ય વચ્ચે તે ગામના અને આસપાસના ખેડૂતોને હિંમત આવી. પરિણામે પરસ્પરના સુમેળભર્યા વાતાવરણ વચ્ચે તે ખેડૂત અને દરબારો બન્નેને પ્રમાણમાં સંતોષકારક ઉકેલ તેમાંથી સાંપડ્યો.

આસપાસનાં ગામોમાં એક બાજુ કાઠી દરબારો અને બીજી બાજુ ગોહિલ ગરાસદારોનાં ગામડાં. એકમાં સ્વામીનારાયણ ભગવાન, આપા ખાચર, દાના ખાચર અને વીસામણ ભગતની આસ્થાના સંસ્કાર; બીજામાં ગોહિલકુળની ખાનદાનીના સંસ્કાર. પણ બેય રૈયત અને ખેડૂતને ધાકથી વશ રાખવામાં એકમત અને એથી નાનીમોટી શિરજોરી દ્વારા ખેડૂતને દાબમાં રાખે. તેની સામે થનાર કે આગેવાની લેનાર ખેડૂતના કાં તો ટાંગા ભાંગે કાં ઓઘા બાળે.

ચભાડિયા બાજુના એક ખેડૂત આગેવાનનું ભરબજારે ખૂન થયું. તે પછી તે વિસ્તારના ખેડૂતો ઠીકઠીક રીતે દબાઈ ગયા હતા. પીપરડીમાં થોંટઠાપલી ને ડારાથી સૌને ડારે. ધૂફણિયામાં ખેતર છોડીને ખેડૂતો બીજે ભાગી જાય પણ ક્યાંય કોઈ તેની વહારે ન ચડે. ગઢડાની કોંગ્રેસ , મંદિર અને ગામ પર દરબારના કામદારોનું વર્ચસ્વ. મોહન શેઠનો મહિમા મોટો. સમજદારી ઊંડી. સજ્જનતા અને ઔદાર્ય અપાર. પણ તેઓ મોટાં કાર્યોમાં મશગૂલ રહે. ગઢડા મહાલમાં ગરબડ ન થાય તે હેતુથી ગરાસદારો અને તેના વહીવટ કરનારને સમજાવી ફોસલાવી શાંતિ ને સલામતી જાળવી રાખવા જેવું કોઠા-ડહાપણ બતાવે. મહાલ આખામાં ખેડૂતોને રાવ ફરિયાદ કરવાનું સ્થળ જ ન મળે. એવામાં એક બધે પ્રખર વગ ધરાવનાર કાઠી દરબારે તેના ખેડૂતને બંદૂક બતાવી દબાવ્યા. અમે જાહેરમાં તેની ટીકા કરી. દરબારને શરમાવ્યા. આખરે ખેડૂતના હક જળવાઈ ગયા.

પીપરડીમાં હકુભાઈની હકુમત. દરબારો તેનું માને. દરબારે ખેડૂતને મારેલા પણ કોઈ કેફિયત દેવા તૈયાર નહીં. મેં ઢેબરભાઈ પાસે વાત મૂકી. તેઓ પોલીસસંરક્ષણ મૂકવા તૈયાર થયા. હકુભાઈએ

જબરદસ્તીને બદલે કાયદેસર કામ લેવા દરબારોને સમજાવ્યા. પ્રેમથી પ્રશ્ન પતી ગયો. ધૂફણિયામાં દરબારોને સામેથી હું મળ્યો. ગામસભાય કરી. ખેડૂતને ટેકો આપતા ત્યાં પણ પરસ્પરની સમજણથી પ્રશ્ન પતી ગયો.

માથાભારે કે શિરજોર તત્વોને સમજાવટ અને સંગઠિત શક્તિ અને પ્રસંગ પડ્યે રાજ્યની મદદથી તેનો પ્રતિકાર કરવાની અમારી નીતિ હતી. અલમપર આસપાસના ખેડૂતોની દીનહીન દશાની દયા આવે. ગામના કેટલાક દરબારોની ખેડૂત પ્રત્યે સહાનુભૂતિ , પણ તે જમીન વાવે આસપાસના દરબારોની – રામણકા ગામના દરબારોની. ત્યાંથીયે ફરિયાદ આવી. ચિમા વગેરેના દરબારોની કોઈએ ચઢામણી કરી. અમારી સામે ઉશ્કેર્યા. અમે એકબીજાને જાણીએ નહીં. ઉશ્કેરાટ અને રોષમાં તેનું એક જૂથ અલમપર સંમેલનમાં આક્રમક વલણ લેવા ધસી આવતું હતું . પરંતુ ડી.વાય.એસ.પી.ને ગંધ આવી ગઈ હતી. તેઓ પોલીસપાર્ટી સાથે હાજર રહ્યા . તેમણે તે જૂથને ડારો દઈને પાછું કાઢ્યું. સંમેલન પછી મને ખબર પડી. હું કોઈની સાયકલ લઈને ચિમા ગયો. આગેવાન દરબારને મળીને મારી ઓળખાણ આપી. તે તો આવા જોખમ છતાંય મને એકલો આવેલો જોઈને આશ્ચર્ય જ પામી ગયા. તેણે રામરામ કહી મારું સ્વાગત કર્યું. ચા-પાણી લેવા કહ્યું. મેં કહ્યું નહીં લઉં તેમ કહીશ તો હું વિશ્વાસ નથી કરતો તેમ લાગશે માટે કહ્યું, જરૂર નથી છતાં દૂધ કે દહીંનું ઘોળવું લઈશ. બંને વચ્ચે મીઠાશથી વાતો થઈ. તેમનો ભય ગયો. કાયદેસર રીતે ખેડૂતના હકનું જે મળે તે આપવા તૈયાર થયા. જે ખેડૂતની અમારી પાસે અરજી હતી તે અંગે વાત થઈ. કાયદેસર તેને જમીન મળતી હતી. દરબાર સંમત થયા. મને કહે કે કાલ તમારી હાજરીમાં સાંતી જોડાવી દઉં. મેં કહ્યું કે આ નિર્ણયનો યશ તમે જ લો. ખેડૂતને જમીન સોંપી મને જણાવજો. બીજે દિવસે રામનકામાં ખેડૂતને જમીન મળી ગઈ. તે દરબાર , ખેડૂત અને અમારી વચ્ચે પ્રેમાળ સંબંધની શ્રૃંખલા રચાણી. આ બાજુના ખેડૂતોના પ્રશ્નો પણ પ્રેમથી પત્યા.

### *નિષ્પક્ષ ન્યાયનીતિ :*

હર્ષદપુર દેવળિયાના દરબારે તેના સાતઆઠ ખેડૂતોને કાઢી મૂક્યા. બે વર્ષથી જમીન પડતર રહે. તે જમીન પોતાના નામે કરી લેવા ઢેબરભાઈના અંગત મદદનીશ અને કોંગ્રેસના સલાહકાર રાજકોટના ધારાશાસ્ત્રીને તેમણે રોક્યા. તે ધારાશાસ્ત્રી ભાવનગર જિલ્લાના સમાહર્તાના મિત્ર. એટલે બધી જ કાર્યવાહી દરબારના પક્ષે જ થયા કરે. દરબારે ખેડૂતને ભાગના કે બીજા કોઈ લાગાલેતરીની પહોંચ નહીં આપેલ. દફ્તર પણ ચોરાઈ ગયું તેમ જવાબ આપી દફતરના આધારનેય સંતાડી દીધા. અમરેલીના મોહનલાલ વીરજી અને અમારા લીંબાભાઈ વગેરે સૌ ખેડૂતોને મદદ કરવા તૈયાર , પણ મામલતદાર લાચાર હતા. મામલતદારે મને વાત કરી કે ખેડૂતો સાચા છે પણ આધાર નથી. ખેડૂતોને અમે મળ્યા. જૂના કાગળો તપાસતાં તેમણે લેવીનું અનાજ ભર્યું હતું. દુષ્કાળ વખતે ઘાસની તગાવી પણ

લીધી હતી. તે આધાર પર ઢેબરભાઈને મેં વાત કરી. તે મર્મ પામી ગયા એટલે લાઠી મુકામ વખતે તેમણે તે ખેડૂતોને બોલાવ્યા. તે દરબારને પણ બોલાવ્યા. ખેડૂતો પાસે બે પૂરાવા હતા તે સાબિતી માટે પૂરતા હતા. પરંતુ કાયદાની ત્રુટીનો એને ખ્યાલ હતો. એટલે કાનૂન કરાવ્યો કે જો ખેડૂતો લેવી-તગાવી કે તેવા આધાર રજૂ કરે તો તે પણ પર્યાપ્ત ગણવા. આથી બધા ખેડૂતોને તેની જમીન પાછી મળી ગઈ.

વિઠ્ઠલગઢના દરબાર કાયદામાં ખૂબ ચતુર અને બાહોશ. તેના પીળવા ગામના ખેડૂતોને ભાગલાગનો ભારે ત્રાસ. ટ્રીબ્યુનલ સુધી કેસ ચાલે પણ "થાળીની જમીન" એટલે શું તે વ્યાખ્યાના અભાવે ચુકાદો સ્પષ્ટ ન થાય. તેના કામદાર સંતબાલજી મહારાજના ચાહક એટલે સમાધાન માટે મને બોલાવી ગયા. મેં થાળીની જમીનની વ્યાખ્યા સમજાવી. ઉતારાના પગી, નોકરો તેમ જ સેવા આપનાર દાસદાસી વગેરેને થાળી આપતા. એટલે તે પેટે રાખેલી જમીન. પરંતુ આ આધાર માન્ય રાખવા દરબારે તૈયારી ન બતાવી. તેથી ઢેબરભાઈ પાસે આ આધાર રજૂ કરતાં તેમણે ઇનામી જમીનની વ્યાખ્યા લાગુ પાડી. ટ્રીબ્યુનલે ખેડૂતની તરફેણમાં ચુકાદો આપ્યો.

લાઠી રાજ્યમાં ગઢાળી નજીકનાં બે ગામ , તેનું મહેસૂલ આસપાસનાં ગામ કરતાં ચારગણું. ભાગના આધાર ઉપર ઊચક જ નક્કી થયેલ હશે. આની દાદ-ફરિયાદ લઈને ખેડૂતો મંડળ પાસે આવ્યા. ફરતાં ગામડાંઓના મહેસૂલઆંકડા વગેરે રજૂ કરીને ઢેબરભાઈ પાસે કેસ રજૂ કર્યો. ટ્રીબ્યુનલમાં ઠાકોરની ઘણી મોટી વગ. પણ ઢેબરભાઈને ગળે વાત ઊતરી ગઈ એટલે આસપાસનાં ગામ કરતાં સહેજ ઊંચા દરે એના મહેસૂલ દર નક્કી થયા. એના પછી ગઢાળીના મહેસૂલ દર મુકરર કરવાનો મહાલકારીનો ગઢાળીમાં મુકામ થયો. દરબારોએ આગતાસ્વાગતા દ્વારા અને સુંદર રજૂઆત દ્વારા પોતાનો કેસ સારી રીતે રજૂ કર્યો. ખેડૂતોએ અમને બોલાવ્યા. અમે પણ યોગ્ય રજૂઆત કરી. આસપાસનાં ગામના ધોરણે ગઢાળી, ચીરોડા અને સાંજણાવદરના મહેસૂલદર નક્કી થયા.

### *નિષ્પક્ષ ખેડૂત બળ પ્રગટ થાય :*

કણબી ખેડૂતમાં એક કચાશ. તે કાચા કાનના. તે કોઈનામાં વિશ્વાસ ન કરે. નિષ્ઠાથી કોઈને વળગી ન રહે , એટલે લીંબા પટેલ કહેતા : "કણબી કોઈનો નહીં." કેવળ ટૂંકી સ્વાર્થબુદ્ધિ. ગઢાળીના ખેડૂતો વળી એક બીજા ખેડૂતસંઘના વૃદ્ધ નેતાને અનુસરે. નેતા બોલકા ખૂબ. દરબારો સામે બેફામ બોલે અને ઉશ્કેરણી કરે. પણ કાયદાની કાંઈ ખબર ન પડે. જમીનના પ્રશ્નના ઉકેલ માટે ખેડૂત શ્રેયઃસાધક મંડળના પ્રતિનિધિને બદલે ખેડૂતના પ્રતિનિધિ તરીકે એ જો આવે તો એના અજ્ઞાનનો લાભ લઈને કાયદાનો લાભ અંગત સ્વાર્થ માટે લીધા કર્યો. આખરે પેલા ખેડૂત નેતાનોય વારો પડી ગયો એટલે તે અમારી પાસે આવ્યા અને હૈયા વરાળ કાઢવા લાગ્યા.

એક સજ્જન દરબારના ખેડૂતોનો ચુકાદો બાકી હતો. ગાંધીજયંતી વખતે રચનાત્મક સમિતિએ ૮૦ સિક્કા દરિદ્રનારાયણ ફાળો ઉઘરાવવાનો કાર્યક્રમ અમલી બનાવ્યો હતો. અમે એ કાર્યક્રમ માટે ગઢાળી ગયા. જાહેર સભા ભરી , દરબારોએ ફંડમાં રકમ ભરી , ખેડૂતોનેય રકમ ભરવા સમજાવ્યા. તે સજ્જન દરબારે તેના પોતાના ચુકાદા માટેય મને લવાદ તરીકે મૂક્યો. ખેડૂતોના પ્રતિનિધિ લીંબાભાઈ. અન્ય દરબારોના પ્રતિનિધિ કાકાસાહેબ. ખેડૂતોને કોઈએ ચમકાવ્યા. કોઈએ તેમને કહ્યું કે હવે આવી રહ્યો ચુકાદો તમારી તરફેણમાં. લીંબાભાઈ તેને સમજાવે, પણ દૂધના દાઝેલા છાશનેય ફૂંકીને પીતાં ડરે એવી સ્થિતિ થઈ. તે લવાદ માટે નામુકર ગયા. લીંબા પટેલને ઊંઘ ન આવે. તે ખેડૂતોને મળ્યા; સમજાવ્યા, એટલે માંડ માંડ માન્યા. બે પંચ પ્રતિનિધિ અને ત્રીજો હું એમ ત્રણેય બેઠા. દરબાર પાસે ઘરખેડની જમીન તો હતી , એટલે ખેડૂતો જેટલી જમીન ખેડતા હતા તે જમીન તેને આપવાનો ચુકાદો ત્રણેયે સ્વીકાર્યો.

કાકાસાહેબને આ વાત ખૂંચી, પણ એકાદ વર્ષ ખમી ગયા. પછી પેલા ખેડૂતોને બોલાવ્યા અને કહે, દરબારને ભાઈયું ભાગ વહેંચવા છે. તે બીજી ઘરખેડની જમીન તમને આપે અને તમારી પાસે હાલ જે જમીન છે તે તેને આપો. તેને એક શેઢે થાય. ખેડૂતો ઉત્તમ જમીનની લાલચમાં લપટાઈ ગયા. તેમણે તેમની મૂળ જમીન જે વરસોથી વાવતા હતા તે છોડી દીધી. અને અન્ય જમીનમાં ભાગિયા તરીકે વાવતા થયા. આ વાત ન ખેડૂતે અમને કરી, ન દરબારે ઇશારોય આવવા દીધો. આવા સમજ વગરના સમાધાનના આધારે તે પછી ખેડૂતોએ ડેપ્યુટી કલેક્ટરને અરજ કરી. પરંતુ ખેડૂતો ખાલી હાથે દોડી આવ્યા. મેં પ્રાર્થનામય ઉપવાસ કરવા પડશે તો કરીશ એવી ચિંતા વ્યકત કરી , એટલે સમાધાન કરી જમીન તો આપી પણ સારી જમીન છૂટી ગઈ. આમ પણ કેટલાક પ્રસંગોમાં બન્યું. તે પછી ચાંડિલ સંમેલન પછી વિનોબાજીએ જમીન સમસ્યા અંગે નવું માર્ગદર્શન આપ્યું. મેં મારું હૃદય વિનોબાજીને અર્પણ કર્યું હતું. ભૂમિદાન અને ગ્રામદાન એ જ ભૂમિ સમસ્યાનો ઉત્તમ ઉકેલ છે તેમ સમજી અમે એ દિશામાં પ્રયાણ કર્યું.

## સમાપન

ખેડૂત શ્રેય:સાધક મંડળ દ્વારા એક લોકશક્તિનું નિર્માણ થાય તેવા ઉજળા સંજોગો હતા. પરંતુ આ કામને વરેલા ખેડૂત અગ્રણીઓ બહુ કમ હતા. આ કામને સદ્ ભાવ પૂર્વક ટેકો આપનર અગ્રણીઓ હતા ખરા પરંતુ તેઓ તટસ્થ લોકશક્તિના નિર્માણ તરફ વળવાને બદલે કોંગ્રેસ અને અન્ય પક્ષોમાં વહેંચાઈ ગયા. તે પછીની આસ્થાવાળી આખી હરોળ પણ તાલુકા પંચાયત ; જિલ્લા પંચાયત અને ધારાસભા તરફ વળતાં રચનાત્મક રાજનીતિ તરફનો ઝોક ઘટ્યો અને બાકીનો બધો જ ખેડૂત અને ગ્રામ સમાજ પણ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ જેવી રચનાત્મક સંસ્થા કે ગ્રામસંગઠનના અભાવે રાજકીય પક્ષો પર પ્રભાવ ઊભો ન કરી શક્યો. પોતે ખેડૂત છે અને તે સમગ્ર ગામનો ટ્રસ્ટી છે , એવી ભાવનાથી એ ગામડાના સમગ્ર એકમને લોકશાહીનો પાયો બને તે દૃષ્ટિએ નૈતિક મૂલ્યોવાળાં સંગઠનો દ્વારા લોકશક્તિના નિર્માણ વિના કોઈ આરો-ઓવારો નથી.

આવાં સંગઠનોની પ્રભાવકારી નિષ્પક્ષ લોકનીતિ દ્વારા રાજદ્વારીઓની સોદાબાજી કે ચાલબાજીમાં ફસાયા વિના એક ગ્રામ નેતૃત્વ ઊભું કરી શાંતિમય ક્રાન્તિ માટેની ગુંજાઈશ સર્જ્યાં વિના શાંતિ અને સલામતીની આશા રાખવી વ્યર્થ લાગે છે. વર્ગવિગ્રહ કે જ્ઞાતિવિગ્રહના વધતા જતા વલણ સામે ચેતવણીનો સૂર વ્યક્ત કરી સમગ્ર ગ્રામ સમાજના ગ્રામટ્રસ્ટની ભાવનાવાળાં સંગઠનો રચવાં એ જ આખરી ઇલાજ છે તેવી શ્રદ્ધા સાથે દૃષ્ટિપૂર્વક કામ કરતા રહીએ.

****************************************